


# ગુણાતીત જ્યોત

ભગવદ્રૂપ દેહ ધરનારમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.



વર્ષ ૫૬, અંક : ૪, તા.૨૧મી એપ્રિલ, ૨૦૨૬, સંવત – ૨૦૮૨ વૈશાખ સુદ – ૫, મંગળવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



## સ્વામીશ્રીજી

૨૩-૪-૨૦૦૦

(૧) પ્રભુ જ્યાં રાખે, જેમ રાખે તેમાં આનંદમાં રહેવું. આશરો આવા પ્રભુ મળ્યા- તેનો સાચો આનંદ તેમ આશ્ચર્ય.

(૨) પ્રાર્થનાનો ટેકો રાખવો – નિરંતર

(૩) બ્રહ્માનંદનો નશો ક્યારેય ઓછો ન હોય

(૪) ગમે તે સંજોગોમાં Adjust થઈ- પ્રભુને ગમતીલા થવું- બ્રહ્માનંદ ધાર કરવો તે નિષ્કામ કપટ-

પપ્પા



# ગુણાતીત જ્યોત

ગુણરૂપ એવા સત્પુરુષમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ   પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : ૪** સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.

– ગુરુહરિ પપ્પાજી મહારાજ



### શ્રીજી રસામૃત

'... જ્યારે ભગવાન મનુષ્યના જેવા પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહીં. એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય.' (વચ.ગ.મ.૧૦)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

મોટાઈ તો મહારાજને પુરુષોત્તમ જાણે ને આજ્ઞા પાળે તેની છે. પ્રગટ હોય ત્યારે તો સર્વે આજ્ઞા પાળે, પણ છેટે ગયા પછી પછવાડેથી આજ્ઞા બરાબર પાળે તે ખરા.

(સ્વામીની વાતુ પ્રક.૫ની ૧૪૫મી વાત)



### દિવ્યામૃત

બીજા તરફ દ્રષ્ટિ કરી બીજાનો વાંક જોવા ગયા તો પ્રત્યક્ષ સ્વરૂપનો જ દોષ જોઈએ છીએ. એ જાણે અજાણે દ્રોહ કર્યો જ કહેવાય.

(તા.૧૫.૧૨.૧૯૫૭)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૩ | શાશ્વત સંકલ્પ પર્વે... | ૭ |
| ગુરુહરિ પપ્પાજી મહારાજની પરાવાણી... | ૪ | શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત... | ૯ |
| પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજીના પ્રાગટ્યદિને... | ૫ | શ્રી હરિ જયંતીની સભા... | ૧૦ |
| બ્ર.સ્વ.શ્રી યોગીજી મહારાજના પ્રાગટ્યદિને... | ૬ | પરમની આરાધના... | ૧૧ |



## પપ્પાજીની પરાવાણી...

આધ્યાત્મિક સમતા રહે એ નિર્દોષબુદ્ધિ. જ્યાં સુધી તટસ્થ ના રહેવાય ને પક્ષાપક્ષી રહે ત્યાં આપણે સ્વભાવનારાયણની ઉપાસના જ કરીએ છીએ. આપણે આપણા આત્માના પ્રકાશક આપણા ગુરુને માનીએ તો શુદ્ધ ઉપાસના થાય. આપણે એમના થઈને જીવવું છે. આપણે અખંડ જ્ઞાનયજ્ઞ ને બ્રહ્મયજ્ઞ કર્યા કરવો છે. વિચાર ઊઠતાં જ જાગ્રત થઈ જઈએ. ગરણી મૂકીએ, ભગવાનને કર્તાહર્તા માની સામે આવે તે બધાને દિવ્ય માનવા છે. પ્રગતિ કરતાં ચૈતન્ય માનવા છે. નિર્દોષબુદ્ધિ એ આપણા જીવનું જીવન છે– આત્માનું જીવન છે, સુખે સુખે સાધના કરવી હોય તો નિર્દોષબુદ્ધિ રાખીએ. આપણા લોહીના બુંદે બુંદ ને રુંવાડે રુંવાડે પ્રસરી જાય તો આફરડું સુખ આવ્યા જ કરશે. જ્યારે પ્રભુ આપણા દેહાધ્યાસની પરીક્ષા લેવા આવે ત્યારે પ્રભુને કહી દેવું કે, હું જાગ્રત છું, ફરીવાર આવજો. પછી પ્રલય જેવો પ્રસંગ આવશે તો ય સ્મિત થશે.

આપણે એક ટેવ પાડી જ દઈએ કે, જ્યાં જુએ ત્યાં રામજી દેખાય એ ભૂમિકામાં આપણે રહેવું છે. તો પ્રભુ જે પરિસ્થિતિમાં રાખશે તેમાં આનંદ આવશે.

સોનાબાને શાસ્ત્રીજી મહારાજ વિષે પાકી નિષ્ઠા, બા પાસેથી બધું ઉઝઈડી લીધું. પણ સોનાબાએ અંતરથી માન્યું કે, મારા સારા માટે જ હશે. એમણે આપણને સ્વભાવથી પર કરી શુદ્ધ ચૈતન્યબ્રહ્મ બનાવવા છે, દાસના દુશ્મન હરિ કોઈ દિ ના હોય. આવું બાએ માન્યું, સર્વોપરી પુરુષોત્તમનારાયણ માન્યા, બાએ ધોખા વાંધા ના કર્યા. બસ, સ્વામીનો આશરો છે તે જે કરશે તે ઉત્તમ જ, સારું જ થવાનું છે, એવું માનીને જીવ્યા.

સમજણવાળા હોય તેને બુદ્ધિ ચાલે, આવું કેમ કરતાં હશે ? આપણે ૧૦૦% સીન્સીયર વર્તીએ છીએ તોય આવું કેમ કરતાં હશે ? અપમાન કેમ કરાવ્યા? દેશકાળ કેમ લાવ્યા? બીમારી કેમ લાવ્યા ? વગેરે પ્રશ્નો ઉદ્ભવે, ત્યાં એવું વિચારવું કે મને સમજણ નથી પડતી એ મારો કોક દોષ છે. દેહ મૂંઝાય, મન મૂંઝાય એ ચૈતન્ય જોડે એકરસ થઈ ગયેલો સ્વભાવ હોય તે છૂટાં પડે પછી સમજાય કે પ્રભુએ મારા સારા માટે કર્યું. બસ ભગવાન ને તેના ભક્તો જે કરે તે દિવ્ય એમ માની નિર્દોષબુદ્ધિ રાખવાની ને કહે એમ કરવાનું. પછી જંગલમાં મૂકે કે પરદેશમાં. અહોહોભાવે આજ્ઞા પાળી લઈએ તો આજ્ઞા ભેળી મૂર્તિ જ કામ કરવાની છે, માટે હા પાડતાં શીખી જઈએ. આપણે દેહાભિમાન પોષવા નથી આવ્યા. પ્રભુનું કામ કરવા આવ્યા છીએ. ધારતા થશો તો કામ કરી શકાશે. આપણે, પ્રભુ ને પ્રસંગો ત્રણ જ રાખવા. આપણે આપણને નોંધીશું તો સ્પંદનોની માત્રા ખબર પડશે કે ઘટ્યા કે તેમ જ છે ? જાગ્રત હોઈશું તો સુખની માત્રા વધશે, પ્રગતિ પણ થતી દેખાશે.

આપણે વચ. ગ. પ્ર. ૨૪ અને વચ. ગ. મ. ૨૬ આ બે વચનામૃત માહાત્મ્યરૂપી ખટાઈ ચડે તેવા છે. તો આ બે વચનામૃત રોજ વાંચજો. સૌને નિર્દોષબુદ્ધિ સર્વમાં રહે એ જ અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

(તા. ૨૭.૪.૧૯૮૮)



## પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજીના પ્રાગટ્યદિને...

સંબંધપ્રેમી ગુણાતીતભાવમાં અખંડ રહીને સંબંધે સૌના કલ્યાણ કર્યા છે એવા સ્વામીજીનો પ્રાગટ્યદિન. શ્રીજી મહારાજની અતિ કૃપા કે રોમરોમમાં એક પ્રભુ જ, તુંહીં તુંહીં જ એવા સ્વ સ્વરૂપની છત્રછાયા આપી. આપણે પ્રભુ તરફની યાત્રા સુખે સુખે કરીએ તેવી સૂઝ સમજ આપીને આપણને પ્રભુમય બનાવવા ઉદ્યમ કર્યો છે એવા સ્વામીશ્રીની પરાવાણીનું મનન કરી, જીવન બનાવવા જેવા પરાસત્યોને આપણે યથાર્થરૂપે સમજીને જીવન બનાવીએ.

આપણે પ્રભુને અર્થે જીવવાવાળા છીએ. તો આપણી એક જ ફરજ બને છે કે, તું રાજી થા તેટલું જ કરવું છે, બીજું કાંઈ કરવું નથી. આવી ભાવનાની દ્રઢતા એ જ ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપ સાથેની સાચી પ્રીતિ છે. પ્રીતિ એટલે ભગવાન અને સત્પુરુષ સાથે એક અનેરો આગવો સંબંધ. ભગવાનના સ્વરૂપના વચને જીવન જીવી લેવું. એ આપણને જ્યાં મૂકે ત્યાં, જેની સાથે મૂકે એમની સાથે, જેવી રીતે મૂકે એવી રીતે એવો દ્રઢ ઠરાવ એ જ પ્રીતિનું સર્વોત્તમ લક્ષણ છે.

એક વાત યાદ રાખવી કે, તમે કઈ સેવા કરો છો? ક્યાં કરો છો ? એનો કોઈ સંબંધ નથી. પણ કયા ભાવથી તમે સેવા કરો છો એટલું જ જોવાનું છે.

આપણા અનંત પ્રકારના વિચારોને બાજુમાં રાખીને સત્પુરુષનો જે વિચાર, જે ભાવના, એ જ આપણું અંતિમ લક્ષ્ય હોવું જોઈએ.

આપણે રોજ વીસ પચીસ મિનિટ પ્રભુ અર્થે કાઢવી. નીરવતાથી ભગવાનમાં ડૂબી જવું. સ્વાધ્યાય-ભજન કરવા જ, ને તપાસ કરો કે હું ક્યાં છું ? મારે કેવી રીતે વર્તવાનું છે ? મારામાં કેટલી સરળતા પ્રગટી ? હું વચ. પ્ર. ૧૬-૧૮માં કેટલું ડૂબ્યો ? ચોવીસ કલાકમાં વચ. પ્ર. ૨૭ પ્રમાણે કેટલી નિષ્ઠાથી જીવ્યો ? આ ખૂબ અઘરું છે છતાં આપણે પાકું કરવું છે. કોટિ કલ્પથી જીવ મનધાર્યું કરતો આવ્યો છે એ પ્રવાહ બદલી નાખવો છે.

આપણામાં ગમે તેવા વિચિત્ર સ્વભાવ કે પ્રકૃતિ હશે પણ જો સરળ વર્તીશું તો એ ક્યારે ખરી જશે તમને ખબર નહીં પડે. માટે જાગ્રત રહેજો, ભજન કરજો.

આપણે કોઈપણ ક્રિયા ભજન કરતાં કરતાં કરવાની ટેવ પાડી દેવી છે. ભજન સિવાય ક્યારેય અંત:કરણ શુદ્ધ ના થાય. ભજન આપણો પ્રાણ છે. પ્રવૃત્તિ સૌને ગમે જ. પ્રવૃત્તિ એ જીવનો સ્વભાવ છે. કરોડો જન્મથી પ્રભુએ આ એક પ્રવૃત્તિ માર્ગ ઈન્દ્રિયો દ્વારા જોડી રાખ્યો છે. ઈન્દ્રિયોના હલન-ચલન પ્રભુમય કરવા છે.

જીવનમાં પોઝિટિવિટી નહીં વધે તો ભજન નહીં કરી શકાય. એટલે આંખ, કાન, નાક, જીભથી કચરો ભેગો ના થાય તેનું ધ્યાન રાખવું. કચરો ભરાશે તો ભજન નહીં જ થઈ શકે. માટે જે કંઈ કરીએ તે ભજન કરતાં કરતાં કરીશું તો પોઝિટિવિટી વધશે ને અંતકરણ શુદ્ધ થશે.

જ્યારે ભજન કરીએ ત્યારે હું અક્ષરબ્રહ્મ છું, મારા હૃદયાકાશને વિષે તે બિરાજમાન છે, એવા બ્રહ્મભાવથી ભજન કરવાનું સૌને બળ મળે તેવી પ્રાર્થના.



## બ્ર.સ્વ.શ્રી યોગીજી મહારાજના પ્રાગટ્યદિને...

વૈશાખ વદ-૧૨ના પવિત્ર મંગલદિને શ્રી યોગીજી મહારાજે આ ધરાને પાવન કરી. સહજાનંદી સાધુતાભર્યા જીવનથી જ્ઞાનગરીબી ધારી, ગુણાતીતભાવને પામીને આશ્રિતોને એ અક્ષરધામના સુખના ભોક્તા બનાવ્યા છે એવા શ્રી યોગીજી મહારાજની પરાવાણીના અમૃતબુંદનું મનન ચિંતન કરી સુખિયા બનીએ.

★ ગુરુની આજ્ઞા એ જ બ્રહ્મવાક્ય. મનમુખી વર્તીએ તો સુખ ના આવે. માટે ગુરુની અનુવૃત્તિ સમજીને તે પ્રમાણે વર્તવું.

★ વચનમાં ટુક ટુક થઈ જવું. આ સંબંધ થયો છે તો 'અર્થમ્ સાધયામિ વા દેહં પાતયામિ' કરી દેવું. અધૂરું ના રાખવું. શૂરવીરપણું રાખવું.

★ મૂળ અજ્ઞાન શું?

પોતાને બ્રહ્મરૂપ માને પણ મહારાજને પુરુષોત્તમ ના માને તે.

★ નિષ્ઠા સર્વોપરી કરવી. કર્મ કઠણ હોય, કાળ કઠણ હોય, પરંતુ જો નિષ્ઠા દ્રઢ હોય તો તે બંને ભૂંડું કરી શકે નહીં માટે નિષ્ઠા બળવાન છે.

★ સંતને અર્થે જ જીવન રાખીએ તો ભગવાન વરણીય બની જાય ને જીવ બ્રહ્મરૂપ બની જાય.

માન-અપમાન, સુખ-દુ:ખ, હાણ-વૃદ્ધિમાં એકતા થઈ જાય તે.

★ નિર્દોષબુદ્ધિથી સેવા કરીએ તો પ્રકૃતિ સ્વભાવ દિવ્ય થઈ જાય. આપણે સેવા જતી કરીએ તો મોક્ષ ખોઈ બેસીએ. દેહના દુ:ખ સામુ જોવું નહીં. મન સામે લડાઈ લેવી પણ સેવા ના મૂકવી.

★ જીવનો સ્વભાવ છે બે શબ્દો વાટવાનો. તે વાટે ત્યારે જ ટાઢો કોઠો થાય. પણ ગુણ લેવો. ગુણ લેવા જેવી કોઈ સેવા નહીં. અવગુણ લેવો તે પાપ છે.

★ ભગવાનનો રાજીપો ક્યારે થાય?

૧. કોઈનું વાંકું ના બોલવું.
૨. ખટપટમાં ના પડવું.
૩. દરેકનો ગુણ લેવો.
૪. ઊતરતા શબ્દ ના સાંભળવા.

આવી રીતે જીવીએ તો ભગવાન રાજી થાય.

★ સત્સંગ કોણ જાળવે ?

જેના પર મોટા પુરુષની દ્રષ્ટિ પડી હોય તે જ જાળવી શકે.

સત્સંગ જાળવ્યો એટલે શું ?

અંતરમાં સુખ વર્તે, આનંદ આવે. તે બહારથી કોઈને ખબર ના પડે. પણ પોતાના અંતરમાં અખંડ શાંતિ વર્તતી હોય તેણે સત્સંગ જાળવ્યો કહેવાય.

★ સમાગમ કરતી વખતે ડહાપણ, બુદ્ધિ સમજણનાં બીબાં મૂકી દેવા. હું કંઈ જાણતો નથી તેમ અજ્ઞાની થઈને સાચા ભાવે મોટા પુરુષના વચનને સ્વીકારીએ તો તે પારસો મૂકીને તેમના જેવા સુખિયા કરી દે.

શ્રી યોગીજી મહારાજે જે સુખિયા રહેવાના સરળ ઉપાય બતાવ્યા તે પ્રમાણે જીવીને ગુરુહરિ પપ્પાજી મહારાજનું કાર્ય બની, સાચું સુખ લેતા થઈ જઈએ એ જ સૌ સ્વરૂપોના ચરણે પ્રાર્થના.

જે નિત્યે પ્રગટ અને પ્રગટ જ છે. જે કાયમ રીતે કાર્યાન્વિત હોય છે. અહીં, તહીં, સર્વત્ર... તેને નિત્યે પ્રત્યે જે સંભારે છે, જે તેને પ્રાર્થના કરીને, પ્રગટ માનીને વર્તે છે. પોતાનાં વર્તનને સાકાર, શાશ્વતરૂપ કરીને અનંત રીતે આ વિશ્વનું રૂડું, હિતકારી અને સુખકારી કરે છે. ગુરુહરિ પપ્પાજી મહારાજનાં પ્રત્યેક શ્વાસ સર્વેનું, સર્વ રીતે, મંગલ થાય તેવું સંકલ્પ, ભાવથી સમગ્રમાં ચેતનતા પ્રસારી રહ્યા છે, હતા, રહેશે. તેને શાશ્વત-સનાતન કહીએ. પપ્પાજી પોતાનાં ઉચ્છ્વાસમાં વિશ્વની આસુરી શક્તિઓને ક્ષીણ કરતા રહ્યા છે. આ એક દિવસની કે એક વર્ષની વાત નથી, આ એક જન્મની વાત નથી. જ્યારથી પૃથ્વી પર પરબ્રહ્મતત્ત્વની પ્રત્યક્ષતા દશાવતાર રૂપે થઈ ત્યારથી જ વિવિધ રીતે, વિવિધ અવસ્થાઓમાં, વિવિધ કક્ષાએ સર્વત્રમાં અન્યના સંકલ્પ, ભાવ ને ક્રિયાઓને સાત્વિક માર્ગે દોરી જતાં અને શુદ્ધિકરણના માર્ગે જીવન જીવવાની તમન્ના જગાડતા, આંતરિક જાગૃતિ તે આવા સનાતન સંકલ્પની ભાવનાના પ્રસારનું પરિણામ બને છે. ગુરુહરિ પપ્પાજીના ૧૧૦મા પ્રાગટ્ય પર્વની ઉજવણીનું નામ 'શાશ્વત સંકલ્પ પર્વ' એટલે જ રાખ્યું છે ને !

પરમ પૂજ્ય દીદીએ ૧૯૮૬માં એક દિવ્ય ભજનની રચના કરી છે. શબ્દો અંતરનાં દિવ્યભાવ ને પ્રાર્થનાને પ્રસારતા લખાઈ ગયા. આત્મપ્રેરણાથી પ્રાર્થિત ભાવના વહી...

'શ્યામ મમ મન ધામ બનો
એ લગન... એવી લગન... એ લગન...
મમ હર પળ સનાતન બનો...
એ લગન... એવી લગન... એ લગન...'

આ ભજન ગુરુહરિની પ્રત્યક્ષતામાં ગુંજન કરતા હતા ત્યાં જ પપ્પાજી સહજભાવે કરૂણાસભર નયને બોલ્યા... ''હવે તો... 'શ્યામ મમ મન ધામ રહો' એવું ગાવાનું ! મહારાજ મળ્યા, હું મળ્યો તો મન ધામ તો બની જ ગયું છે. હવે તેવું મન અખંડ નિરંતર રહે તેવી પ્રાર્થના કરવાની.'' તેથી ત્યારથી આપણે ભજન આ રીતે 'શ્યામ મમ મન ધામ રહો...' એમ ગાઈને અકલ્પ્ય કરૂણાનો આનંદ માણીએ છીએ. તેની પછી 'મમ હર પળ સનાતન બનો...' એ પ્રત્યક્ષ ગુરુહરિની પ્રાપ્તિથી ધામરૂપ બનેલ મન તે આપણી પ્રત્યેક પળોને સનાતનતા બક્ષે છે. તે સનાતનતા એટલે જ શાશ્વતતા. હર પળને સનાતન બનાવનારા ગુરુહરિ પપ્પાજી મહારાજે ૫.૧૨.૧૯૯૯ના લેખમાં 'પપ્પાજી અક્ષર સ્વરૂપે' પુસ્તકના પાન નં ૭૧, લેખ નંબર ૫૩મા આપણી પળોને 'સનાતન' કેવી રીતે બનાવવી તેની સૂઝ, સમજ ને પ્રેરણા પ્રસારી છે.

<u>સ્વામિશ્રીજી</u> ૫/૧૨/૯૯

ગુણાતીત સમાજના જય
અક્ષર પુરુષોત્તમ મહારાજ

—x—

કાળ અને માયાને <u>નાથો</u>.
તે તમારા દાસ બને તેમ મહારાજને
<u>પ્રાર્થના</u> કરો.
કાળ- એટલે આ <u>પળ</u>. આ <u>ઘડી</u>.
તે તો ચાલ્યા જ કરશે. તે બંધાય
નહિ. તે તો પસાર થયા કરે છે. તો તેને
બાંધી રાખવાની નાથવી કઈ રીતે?
તો આ <u>પળ</u> = મહારાજને સર્વકર્તા
હર્તા માયાના પ્રેરક પ્રવર્તક પુરુષ જોયા
<u>માયા</u> = મહારાજના સિવાય સંબંધવાળા
ની પ્રકૃતિ સ્વભાવ દોષ મન પર
લીધા વગર દિવ્ય સંબંધ જોઈ
તેના દાસ બની તેની સેવા-
<u>આ પળે કરી લ્યો</u> એટલે તે પળની
ક્રિયાનું <u>ફળ</u> તમારા ચૈતન્યને સ્પર્શે
સનાતન બની : જન્મોજન્મ તમારા
આત્મા સાથે આવશે ને અક્ષરધામ

રૂપ રહેજો તો દઈ મહારાજ વધારે
દાસ સ્થિત વર્તતા ને પળની
સંવાદી થઈ જશો.
આ રીતે ચાલને દાસ
બનાવજો —
જાત આખુય કામ કર્મ માયાથી
કરાકરાને ચાલે - જ્યારે આપણો
ભરત. ત્યાં પાયે પગ મૂકી જીવન
જીવાશે
પપ્પા

આ લેખ પ્રમાણે તેનું મનન ચિંતન નિદિધ્યાસ કરી આપણી પળોને સનાતન કરીએ. 'વર્તન કરે વાતું' તેવા બનીને આપણા જીવનની પળોને સનાતન બનાવી, ગુરુહરિના શ્રી ચરણે અર્પણ કરીએ. તેનો આનંદ આપણા રોમેરોમમાં પ્રસરે અને સમગ્રને પરમશાંતિભરી શાશ્વતતા બક્ષી શકે! ધન્ય થયો આ જન્મ !! બધી પળોને શાશ્વતતા બક્ષીને સનાતન આનંદ ભોગવતા અને વહેંચતા રહીએ, પ્રસારતા રહીએ. પપ્પાજી મહારાજની ઉપસ્થિતિ માત્ર આપણો આનંદનો અનુભવ રહ્યો છે ! ખરૂં ને !

★ ઈ.સ.૧૯૯૪ માં ગુણાતીત જ્યોતની ૩૦ જેટલી સંત-સાધક બહેનોને ગુરુહરિ પપ્પાજીને ઈંગ્લેન્ડની જ્યોતમાં દર્શન વિચરણ માટે લઈ જવાના હતા. એ બધા માટે મુંબઈ ઈંગ્લીશ એમ્બેસીમાં જવાનું હતું દરેકના વિઝા લેવાની સેવા પૂ.સુરેશભાઈ ગાંધીની રાહબરી હેઠળ મુંબઈ મંડળ કરી રહ્યું હતું. સૌ બહેનોને બસમાં એમ્બેસીમાં લઈ ગયા. ત્યાં બધા એક લાઈનમાં ઊભાં રહ્યાં. વારાફરતી સૌએ પોતાનો પાસપોર્ટ લઈને પોતપોતાના વિઝા લેવાના હતા. આ દિવસોમાં ગુરુહરિ પપ્પાજી સુરત જ્યોતમાં બિરાજમાન હતા. બપોરે ૧.૩૦ વાગે મુંબઈથી પૂ.સુરેશભાઈ ગાંધીનો ફોન આવ્યો ને બધાં જ બહેનોને એકસાથે જ વિઝા મળી ગયા છે. એક જ બહેનનો ઈન્ટરવ્યુ લીધો ને તેની વાત પરથી ત્રીસેય બહેનોને વિઝા મળી ગયા ! આ વાત ફોન પર પૂ.સુરેશભાઈએ પૂ.પીયૂષભાઈને કરી. ગુરુહરિ પપ્પાજી ત્યારે સુરત જ્યોતના નીચેના ચોકમાં હિંચકા પર બિરાજમાન હતા અને આનંદબ્રહ્મ કરાવતા હતા. ત્યાં આ સંદેશો પૂ.પીયૂષભાઈએ પપ્પાજીને આપ્યો. ગુરુહરિ એકદમ આનંદમાં આવી ગયા અને ત્યાં હાર હતો તે લઈ પૂ.પીયૂષભાઈને પહેરાવી દીધો. પૂ.પીયૂષભાઈ કહે, 'આ બધું તમારી ઈચ્છા અને પ્રાર્થના, ભજનથી થયું છે. એમાં મેં કશું કર્યું નથી.' પણ પપ્પાજી ખૂબ હર્ષોલ્લાસમાં હતા, દિવ્ય પરભાવમાં હતા. ત્યારે સેવક ડૉ.નીલમબેને ગુરુહરિને પૂછ્યું કે, 'બહેનોને વિઝા મળ્યા તેમાં તમને કેમ આટલો બધો આનંદ, ઉલ્લાસ છે ?' તો પપ્પાજી કહે, 'સાંભળ. બહેનોને લંડન વિહાર અને વિચરણ માટે લઈ જવાનો સંકલ્પ ઉઠ્યા જ કરે. છેલ્લા એક દોઢ મહિનાથી પૂજા, ભજનમાં એવી ભાવના ઉઠે કે બહેનોને ઈંગ્લેન્ડ લઈ જવા છે. પાછી મને અંતર્દ્રષ્ટિ થાય, બુદ્ધિ જાગે કે હરિભક્તોની સેવા મદદ એનાથી જ આ શક્ય બને! તેઓની નિષ્કામ ભક્તિ. અને મારે આ બહેનોને જગતના શોખ વગેરે માટે વાપરવાનું ? એમ મારા મનમાં દ્વંદ્વ ચાલતો. ખોટા ખર્ચા, હરિભક્તોના પૈસા તેથી... પણ છેલ્લે અંતરમાં સાધક બહેનો ઈંગ્લેન્ડ લઈ જવા તેવો દ્રઢ સંકલ્પ થયો. ને બધાના પાસપોર્ટ કરાવ્યા અને વિઝા માટે અરજી કરાવી. મારા અંતરમાં જોગી મહારાજ સાથે અખંડ પ્રાર્થના અને દાસભાવનો વાર્તાલાપ ચાલતો રહ્યો. સાધક બહેનોને જગત ઘૂસે નહીં તેવી પ્રાર્થના બાપાને કર્યા કરતો હરિભક્તોની નિષ્કામ સેવાનો ઉપયોગ સંત બહેનો એક stage સાધનામાં આગળ વધે અને જગતનાં રાગ અડે કે નડે નહીં. બહેનો વધુને વધુ ત્યાગી-વૈરાગી બનીને, આ વિચરણ કરીને સુખે સુખે પાછા આવે. પછી મેં જોગીબાપાને કહ્યું, 'આપની મરજી હોય અને મારો આ સંકલ્પ બહેનોની પ્રગતિ માટે હોય તો આપ જ ઈંગ્લેન્ડની એમ્બેસીમાંથી સરળતાથી વિઝા અપાવી દેજો.' એમ કરીને રોજ પ્રાર્થના કરતો ને તટસ્થ, નીરવ થઈને બાપાની સર્વોપરિતા, સર્વવ્યાપકપણાંનાં દર્શન કરવાં માટે ભજન કરતો. તો આજે બધાને એકસાથે

યોગીજી મહારાજે વિઝા અપાવી દીધા ! તેથી મારા અંતરમાં છેલ્લા દોઢ-બે મહિનાથી સંકલ્પ ઉઠતો હતો ને નિષ્કામભાવ ભર્યો હતો તો બાપાએ આ કાર્ય સહજ, સરળ ને તત્કાળ કરીને મને ટીક મારી કે તું નિષ્કામી છે. આ બધું કેવળ મારી પરાભક્તિ માટે જ કરે છે. તેનો આજે મને આનંદ ને અહોભાવ છે ! મેં જ મારી પરીક્ષા લીધી ને પૂ.જોગીબાપાએ મને પૂર્ણ ગુણાતીત સાધુ બનાવી દીધો તેની ધન્યતા !

આથી કહીએ ને કે પપ્પાજીનો પ્રત્યેક સંકલ્પ શાશ્વત છે. પ્રત્યેક સંકલ્પ, ભાવ ને ક્રિયા કેવળ પરાભક્તિરૂપ જ છે. જેનો ઉત્સવ આપણે શાશ્વત સંકલ્પ પર્વ રૂપે ૨૯ નવેમ્બર ૨૦૨૬માં શાશ્વત સ્વરૂપ ગુરુહરિ પપ્પાજીનો ૧૧૦મો પ્રાગટ્ય પર્વ ઉજવી રહ્યા છીએ ! વાહ ! વાહ ! કેવા નસીબદાર ! અંતર્દ્રષ્ટિનાં રાજા ને પોતાની પ્રત્યેક પળના જાગ્રત સાધક ગુરુહરિ પપ્પાજીની નિશ્રામાં આપણે સૌ જતન પામી રહ્યાં છીએ. આપણને પણ તેવા નિષ્કામી બનાવવા મંડ્યા છે. તો 'Come What May' કરીને સામી છાતીના લઈને સેવા, સમાગમ, ભજનમાં નિરંતર જોડાયેલા જ રહીને સાચી 'શાશ્વત સંકલ્પ પર્વ'ની શુદ્ધ આરાધના કરીએ.

(પૂ.ડૉ.નીલમબેન)

## શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...

જોજનો દૂર સુધી ઘૂઘવતા વિશાળ સમુદ્રને નાની અમથી ગાગરમાં સમાવવાનો વિચારમાત્ર એક ગાંડપણ જ કહેવાય ને ! અને જો હા, એ ગાંડપણ જ કહેવાતું હોય તો... એવા કોઈ એકલ દોકલ નહીં, પણ અનંત મુક્તોનો આખો એક આવો દિવ્ય સમાજ છે ! કે જે મુક્તો આ સંસારની મધ્યમાં રહીને, આજના આવા ઘોર કળિયુગમાં પણ મહાસાગર સમા વિરાટ પપ્પાજીના પરમ તત્ત્વને પામવા અને એની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે પળેપળ જીવી રહ્યાં છે. કોઈપણ જાતના તર્ક, વિતર્ક કે કુતર્ક કર્યા વગર, સામાજિક, ધાર્મિક કે અન્ય કોઈ વિવાદ એમની નજરમાં પણ નથી આવતાં. પોતાના કર્તવ્યકર્મ પૂરી જવાબદારીપૂર્વક કરતા રહીને, પૂરી શ્રદ્ધા ભક્તિથી, પ્રભુના પંથે, પ્રભુને જ સર્વકર્તા માનીને ચાલતા એવા અનંત મુક્તોને ખરેખર વંદન છે! અને એ પ્રમાણે ભજનની એક પંક્તિ પણ છે ને કે...

'તારા યશોગાન હું તો શું ગાઉં...
સાગરને ગાગરમાં કેમ રે સમાવું...'

જ્યાં આ અશક્ય જેવી વાત સમજવી એ કોઈ સામાન્ય જીવની તાકાત જ નથી, ત્યાં શાશ્વત સ્વરૂપ પપ્પાજી પોતાના સંકલ્પે સામુહિક રીતે અનેક જીવોને આવી અવસ્થામાં લઈ જઈ શકે છે ! પપ્પાજી મહારાજ સંકલ્પરહિત હોવા છતાંય, સંકલ્પ ધારણ કરીને, અનંત મુક્તોને સ્વભાવથી પર કરી બ્રહ્મભાવે જીવતા કરે છે. અને એટલે જ તો આપણે સૌ નસીબદાર કહેવાઈએ છીએ ! અનેક જીવોને ધર્મના માર્ગે વાળી શકાય, ભગવાનના માર્ગે વાળી શકાય, સાધકો પણ બનાવી શકાય અને સાધના કરવા માટે મંદિરો, આશ્રમો જેવા તમામ આધુનિક માધ્યમો પણ ઊભા કરી શકાય અને એના દ્વારા સૌ પૂર્ણ સંતોષથી સાધનાની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. પણ અહીં તો આવી કોઈ જ આધુનિક વ્યવસ્થાના માધ્યમ વિના પપ્પાજી જ સ્વયમ્ સાધક માત્રના માધ્યમ બની, બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિની સાધના કરાવી રહ્યા છે. હા, ચોક્કસ પપ્પાજીએ એવા હરતાં ફરતાં ચૈતન્ય મંદિરો તૈયાર કર્યા છે, એકાંતિક સ્વરૂપો તૈયાર કર્યા છે કે જેઓ અનેક સાધકો, ચૈતન્યોના જતન, સેવન અને રખોપાં કરી રહ્યા છે. અને એ છે પપ્પાજીના સંકલ્પની દિવ્ય શક્તિ !

એક વખત પપ્પાજી મહારાજ સુરત પધારવાના હતા. સમય એકદમ નજીક આવી ગયો. ત્યાં તો વરસાદ અને વાવાઝોડાની શરૂઆત થઈ ગઈ. આખાય દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી પણ ડિકલેર થઈ. અને ખરેખર ખૂબ વરસાદ અને વાવાઝોડાથી ઠેર ઠેર પાણી ભરાયા. સુરત જ્યોતના પ્રાંગણમાં મંડપ બંધાયા હતા તે ઊડી ગયા. આવા વિપરીત સમયે વિચાર આવે જ કે પપ્પાજીને અહીં ન લવાય તો સારું. પણ જયારે સુરત જ્યોતના

જવાબદાર એવા પૂ.તરૂબેન, પૂ.મીનાબેન સમક્ષ આ વિચાર મૂક્યો તો તેઓએ તરત જ કહ્યું કે 'નહીં, નહીં. આપણાથી પપ્પાજીને એવું કહેવાય જ નહીં. એમણે પોતે નક્કી કર્યું છે અને આ બધું એમના હાથમાં જ છે. એમને આવવા દો. ત્યારે વિચાર આવે કે કેવા ગુરુહરિ પપ્પાજી! અને કેવા એમના સંકલ્પ સર્જન સાધુ સ્વરૂપો ! સૌ મુકતોએ ફરીથી મંડપ બાંધ્યા.

બીજી બાજુ પ્રભુકૃપામાં બહેનોએ પપ્પાજીને પૂછ્યું કે, 'પપ્પાજી! આવું વરસાદ અને તોફાન જેવું છે અને આગાહી પણ છે. તો આપણે સુરતનો કાર્યક્રમ કેન્સલ રાખવો છે ?' પપ્પાજીએ આકાશ તરફ જોઈ કહ્યું કે, 'તારે જે કરવું હોય તે કર. પણ મારો પ્રોગ્રામ તો કોઈપણ સંજોગોમાં બદલાશે નહીં.' અને ખરેખર આવી પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે પણ પપ્પાજી સુરત પધાર્યા. ધીમે ધીમે વરસાદ અને પવન થંભી ગયા. સુરત જ્યોતના ચોકમા હિંચકા પર પપ્પાજી બિરાજ્યા. બધા જ સરસ દર્શન કરી રહ્યાં હતાં. ત્યાં પાછળ ઉભેલા પીયૂષભાઈએ પપ્પાજીને અચાનક પ્રશ્ન પૂછયો કે, 'પપ્પાજી ! તમે આવી પરિસ્થિતિ ઊભી કરી. એનો હેતુ એવો તો નથી ને કે ખપ વગરના હોય તે કોઈ જ અહીંયા આવી ન શકે ?' ક્ષણિક મૌન રહીને પાછળ ઉભેલા પીયૂષભાઈ તરફ જોઈને કહ્યું કે, 'પીયૂષ ! ખપ કોને છે ?' (પછી પોતાની છાતી પર હાથ મૂકીને કહ્યું ) ખપ તો આપણે ઉગાડીએ છીએ.' અચાનક ઉદ્‌ભવેલા અદ્‌ભુત આ નાનકડા સંવાદ દ્વારા જીવની હેસિયત અને તેમની છૂપી સંકલ્પ સામર્થીનું દર્શન થાય છે. અને ખરેખર વિચારીએ તો કોને ખપ છે ? અને જે કંઈ છે તે એમના જ સંકલ્પનું ફળ છે. જીવોની કોઈ જ તાકાત નથી. દરેક જીવોમાં તેઓ જ પોતાના સંકલ્પે ખપ ઉગાડી સરળ સાધનાના પંથે ચાલતા કરે છે.

અને કદાચ એટલે જ ગુરુહરિના ૧૧૦માં પ્રાગટ્ય પર્વનું નામ પણ 'શાશ્વત સંકલ્પ પર્વ' રાખ્યું હોય ! શાશ્વત સ્વરૂપ ગુરૂહરિ પપ્પાજી મહારાજના આવા દિવ્ય સંકલ્પમાં આપણે સૌ મફતમાં ફાવી ગયા છીએ તો એમના આ દિવ્ય પર્વ નિમિત્તે... એમના ગમતામાં, એમની મરજી પ્રમાણે, એમની પ્રસન્નતા પ્રાપ્ત કરવા, એમના બળે અને કેવળ એમના માટે જ જીવનનાં બધાં જ વ્યવહાર કે વિચાર, વાણી ને વર્તન કરતાં જ રહીએ એવા અમ સૌને બળ, બુદ્ધિ ને પ્રેરણા આપતા જ રહે તેવી ગુરૂહરિ પપ્પાજી મહારાજના ચરણે અંતર વંદના સાથે પ્રાર્થના ધરીએ છીએ.

(ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ)

**તા.૨૬.૩.૨૦૨૬ : શ્રી હરિ જયંતીની સભા...**

શ્રી ગુણાતીત જ્યોતના મૂળમાં શ્રી હરિના સંકલ્પનું બળ ને એકાંતિક ધર્મનું જીવમાં સ્થાપન થયું તે માહાત્મ્યને વહાવતા ૨૪૬મી શ્રી હરિ જયંતીએ તા.૨૬.૩.૨૦૨૬ના પપ્પાજી હૉલમાં રાત્રે ૮:૩૦ વાગ્યે પ.પૂ.દીદીના સાંનિધ્યે સભા કરી. આવાહ્‌ન શ્લોક બાદ શ્રી હરિને પુષ્પહાર અર્પણ કર્યો.

ત્યાર બાદ પ.પૂ.હંસાદીદીના સાંનિધ્યે ગુરુહરિ પપ્પાજી મહારાજના હસ્તાક્ષરના 'પરમ નિધિ' પુસ્તકમાંથી લેખનું વાંચન કર્યું. સાથે સાધકોને જાગ્રતતતા ને જાણપણું રહે તેવી સ્વામીની વાતુ પ્રક.૫માંની પ્રથમ વાતને અંતઃકરણમાં ધારવા પ્રાર્થના કરી. આશીર્વાદ લીધા.

છપૈયા ગામે જન્મ ધરી..., કૃપા કરી પ્રગટ્યા..., આવ્યા વનમાળી... હરખે હૈયું... હરિ હરખાતા ગાતા આવ્યા આંગણે..., અરે જ્યારે જોયો શ્યામ તને... એ કીર્તનો ગવાયાં તથા મહારાજના છ હેતુનું સ્મરણ કર્યું.

શ્રી હરિ પ્રત્યક્ષ છે છે છે ને છે એવા પ્રાપ્તિના છકમાં શ્રી હરિને ગૃહસ્થ ભાભીઓ વતી લક્ષ્મીથી વધાવ્યા. થાળ, આરતી અને આશિષ વર્ષાથી સહુ ભીંજાયા. ધન્યતા અનુભવતા સાધકવૃંદે અને ભાભીઓએ પ્રદક્ષિણાના ભાવે ગરબા કર્યા.

હે સહજાનંદ પ્રભુ ! આપનું કાર્ય અમે નિમિત્ત બની કરતાં રહીએ. આપનો અને ગુરુહરિ પપ્પાજી મહારાજનો એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો સંકલ્પ સિદ્ધ કરીએ એ જ અમ આરાધના !

શ્રી હરિ જયંતીની જય... જય સ્વામિનારાયણ.

## પરમની આરાધના

### ૨૫૪. આશ્રિતોને આગળ લેવા બીમારી

આશ્રિતોને અક્ષરધામના સુખ શાંતિ અને આનંદ નિરંતર રહે, સાધકો ધ્યેય તરફ દ્રષ્ટિ રાખી પ્રભુમાં રહેતા થાય એ માટે પપ્પાજી અવિરત શ્રમ કરતા. સવારના વહેલી પરોઢે ત્રણ સાડા ત્રણે ઉઠી એક એક ચૈતન્યને સંભારી, એ જ્યાં છે ત્યાંથી આગળ જાય તેવી મિસાઇલરૂપી સંકલ્પ પ્રાર્થનાથી બળ અને શક્તિ આપતા. કથાવાર્તામાં, લેખરૂપે, પોતાના અને બીજાના પ્રસંગોના દાખલા દઈને, ગમ્મત સાથે જ્ઞાન વહાવીને, 'ગુરુની દ્રષ્ટિમાં આવ્યા એટલે આપણું કામ થયું પૂરું, બાકીનું કરશે ગુરુ' 'દેહભાવથી ખાલી પણ હું કરીશ ને બ્રહ્મરસથી ભરી પણ હું દઈશ' 'પૂર્ણ મળ્યા છે પૂર્ણ કરીને જ મુકશે.' એવા પ્રાપ્તિના કેફ ભર્યા સૂત્રો વહાવીને સાધના પ્રત્યે જાગ્રત કરતા.

છતાં પણ વર્ષો જૂના દેહ આકારે બંધાયેલા સ્વભાવ, પ્રકૃતિમાં ભળી સાધક સાધનામાર્ગે અટવાઈ જઈ, પ્રભુના સરળ વચનો ભૂલી જાય છે. તેથી જાગ્રત રહી ધ્યેયસિદ્ધિ માટે મંડ્યો રહે એવી પોતે જ ગરજ રાખી કોઈનું કાંઈ પણ જોયા વગર, કોઈની અપેક્ષા રાખ્યા વગર આપણામાં ખપ ઉગાડવા પપ્પાજીએ નિજ દેહમાં બીમારી ગ્રહણ કરી.

૧૯૮૨ની સાલ હતી. ફેબ્રુઆરીમાં ૪-૫ દિવસથી પપ્પાજીનું સ્વાસ્થ્ય સારું નહોતું. ૮મીની સવારે હાર્ટની તકલીફ થઈ. વડોદરા ડૉ.બી.આર.પટેલને બતાવવા જવાનું નક્કી કર્યું. જ્યોતની નવી મીની બસમાં સૂતા સૂતા લઈ જવાની વ્યવસ્થા કરી. પપ્પાજી સાથે મમ્મીજી, દીદી, ડૉ.નીલમબેન, અશ્વિનભાઈ, હર્ષદભાઈ, છગનભાઈ અને બીજી ગાડીમાં સાહેબ અને ભાઈઓ વડોદરાની એલમ્બિક હોસ્પિટલમાં પહોંચ્યા.પપ્પાજીને જોઈને જ ડૉક્ટરે એમને સ્પેશિયલ રૂમ નં. ૮માં દાખલ કર્યા.

રાતના દીદી અને નીલમબેન વીમુબેન અકોટાને ઘરે જતા. દીદીને વિચાર આવ્યો ને વિમુબેનને પૂછ્યું કે, આપણી પાસે નવા પાયજામા હોય ? વિમુબેને નવા કોરે કોરા બે ત્રણ પાયજામા કાઢી આપ્યા. બીજે દિવસે સવારે એ લઈને દીદી હોસ્પિટલમાં ગયા અને મમ્મીજીને આપતા કહ્યું પપ્પાજીને આ ફાવે તો... ને મમ્મી રાજી થઈ ગયા... આખા સમાજના શ્વાસ અદ્ધર કરી દેતી અસહ્ય આ બીમારી હતી. હેત, વિશ્વાસ ને સમજણથી જોડાયેલા ચૈતન્યોએ બીમારીઓમાં ધૂન, ભજન, પ્રાર્થનાથી સાજા થવાની ગદ્ગદ્ ભાવે પ્રાર્થના કરી હોય ને એ પ્રાર્થના સ્વીકારી પપ્પાજી સાજા થયા હોય એવા અનુભવો હતા તેથી ધૂન, ભજન ને પ્રાર્થનાનો સહારો લઈ સહુ મંડ્યા. જ્યોતમાં, અનુપમ મિશનમાં, સાંકરદા, સોખડા તેમજ ગુણાતીત સમાજના દરેક કેન્દ્રોમાં ને ઘેર ઘેર પપ્પાજીના સ્વાસ્થ્ય માટે સ્વામિનારાયણ મંત્રનો જાપ ચાલુ હતો. ડૉ.બી.આર.પટેલ અને ડૉ. નીલમબેનની કાળજીભરી સારવાર અને ભક્તોની કાકલૂદીભરી પ્રાર્થનાથી વીસ દિવસે પ્રભુએ બીમારીની લીલા ત્યજી. તબિયતમાં સુધારો થતો ગયો.

૧લી માર્ચે ડૉક્ટરે હોસ્પિટલમાંથી રજા આપી. પપ્પાજીને ત્રણ મહિના આરામ કરવાનું કહ્યું હતું તેથી બ્રહ્મજ્યોતિ સોનામૃત બંગલામાં રહેવાનું નક્કી કરી અશ્વિનભાઈ, હર્ષદભાઈની દોરવણી મુજબ બધી સગવડ કરી. વડોદરાથી પપ્પાજી બ્રહ્મજ્યોતિ સોનામૃતમાં પધાર્યા. સહુના દર્શન કરતાં કહે, તમારા તીવ્ર ભજન ને ધૂનથી ચમત્કાર થયો. અહીંથી ગયો હતો એના કરતાં વધુ સરસ થઈને આવ્યો. Thank you... કહી સહુનો આભાર માન્યો ને ભજનમાં શ્રદ્ધાનો ઉમેરો કર્યો.

### નિર્ણય

★ એકાદશી :
વૈશાખ સુદ-૧૧, સોમવાર, તા.૨૭.૪.૨૦૨૬

★ એકાદશી :
વૈશાખ વદ-૧૧, બુધવાર, તા.૧૩.૫.૨૦૨૬

★ બ્ર.સ્વ.યોગીજીમહારાજની જન્મજયંતી :
વૈશાખ વદ-૧૨, ગુરુવાર, તા.૧૪.૫.૨૦૨૬

★ પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજીનો પ્રાગટ્યદિન :
શનિવાર, તા.૨૩.૫.૨૦૨૬

## બ્રહ્મલીન

**★ ગુણાતીત જ્યોતના પ્રથમ ૫૧ બહેનોમાં સ્થાન પ્રાપ્ત કરનાર પૂજ્ય કુસુમબેન ડાહ્યાભાઈ પટેલ તા.૨૮.૩.૨૦૨૬ના બ્રહ્મલીન થયાં છે.**



ઈ.સ.૧૯૫૨માં યોગી મહારાજની આજ્ઞાથી પપ્પાજી થકી બહેનોને ભગવાન ભજવાના નૂતનકાર્યનો પ્રારંભ થયો. ને ઈ.સ.૧૯૬૬માં ૫૧ બહેનોને પપ્પાજીએ ભગવાન ભજવાનું વ્રત આપ્યું. ત્યારે પૂ.કુસુમબેન (કુમીબેન) અને ઉર્મિબેન બંને બહેનો જ્યોતમાં ભગવાન ભજવા આવ્યા.

કાંતાબેન અને ડાહ્યાલાલભાઈને આફ્રિકામાં યોગીજી મહારાજનો સંબંધ થયો. એમની સેવાભક્તિથી રાજી થઈ ઈ.સ.૧૯૫૯માં યોગીજી મહારાજે આશીર્વાદ આપતાં કહ્યું, 'ડાહ્યાકાકા ! તમારા આખાય કુટુંબનું અક્ષરધામ પાકું.' ત્યાર પછી તેઓ નૈરોબીથી જીંજા ગયાં. ત્યાં પરમ પૂજ્ય બેનનો જોગ થયો. ત્યાંથી સત્સંગના ખજાનાને સાથે લઈ કાંતાબેન અને ડાહ્યાકાકા બે દીકરા અને બે દીકરીઓને લઈને ભારત આવ્યા.

યોગીજી મહારાજની દ્રષ્ટિ અને આશીર્વાદથી સમૃદ્ધ થયેલ આ કુટુંબને આણંદમાં પૂ.મણીબેન પટેલ થકી પપ્પાજી-કાકાજીનો જોગ થયો. આખાય કુટુંબ પર પપ્પાજીની કૃપા. ડાહ્યાકાકાને અક્ષરવિહારી સ્વામી સાથે જોડાણ થયું અને ગૃહસ્થ સાધુ જીવન સાંકરદામાં વિતાવ્યું. જ્યારે કાંતામાસીને ગુરુહરિ પપ્પાજી મહારાજની નિષ્ઠા થતાં ગૃહસ્થ સાધુ જીવન જ્યોતમાં વિતાવ્યું. ઘનશ્યામભાઈએ ગૃહસ્થાશ્રમ લીધો અને અરવિંદભાઈ ગુણાતીત પ્રકાશના વ્રતધારી બની પપ્પાજીનું કાર્ય કરે છે. આમ યોગીજી મહારાજના આશીર્વાદ પપ્પાજી અને અક્ષરવિહારી સ્વામીજી થકી સાકાર થયા ને આખુ કુટુંબ અક્ષરધામનું અધિકારી બન્યું.

કુમીબેન અને ઉર્મિબેનના જીવમાં ગુરુસ્વરૂપે દીદીએ સ્થાન લીધું. દીદીની આજ્ઞાથી કુમીબેને પ્રીતિ અને વિશ્વાસના અંગે વચન ઝીલી રસોડાની સેવામાં રાતદિવસ જોયા વગર, સંપૂર્ણ વફાદારી રાખી માસીબા અને મણીબેનને ચકચૂર રાજી કરી લીધા. એમાં શોભનાબેન સાથે આત્માનું જોડાણ થયું. એમને જે સેવા સોંપી એમાં તન મન આત્માથી સમગ્ર તંત્ર પરોવી માહાત્મ્યેયુક્ત સેવાભક્તિ કરી આધ્યાત્મિકતાના ઉચ્ચ શિખર સર કરતાં ગયાં. રસોઈ બનાવવાની આવડતને સેવામાં વાપરી. સ્વધર્મમાં અચલ રહી સમય સંજોગ જોયા વગર બહેનોને, ભક્તોને અને સ્વરૂપોને ભાવથી જમાડી, ગુરુ સ્વરૂપોની અંતરની પ્રસન્નતારૂપી મૂર્તિનો અને સ્મૃતિનો ખજાનો ભેગો કર્યો.

જ્યારે જ્યારે જે સેન્ટર પર મૂક્યા ત્યાં પણ સૌની પ્રભુભાવે સેવા કરીને સંબંધમાં આવનારને પ્રભુ આપ્યા. એમની પાસે એકાદ મિનિટ પણ ઉભા હોઈએ તો પપ્પાજીની અને ગુરુ સ્વરૂપોની સ્મૃતિમાં તરબોળ કરી દે એવી એમની ભાવસમાધિ હતી.

શરીરમાં નાની મોટી બીમારીને પ્રભુનો પ્રસાદ માની દેહથી અલિપ્ત રહી, સવળી વિચારસરણી રાખી, આનંદપૂર્વક સહજ સરળતાથી જીવ્યા. કુમીબેન આવ્યા ત્યારથી તે આજ સુધી ગુરુ સ્વરૂપ શોભનાબેનને ઓશિયાળા કર્યા વગર ભૂલકું બનીને એમના વચનમાં અંતરાયરહિત માહાત્મ્યસભર વર્ત્યા. આવી અમૂલ્ય પ્રાપ્તિ કરવા છતાંય સૌની સાથે રાંકભાવ અને નિર્દોષભાવે આત્મીયતાથી વર્તી સૌનાય આદર્શ બન્યાં.

આવા સંત સ્વરૂપ કુમીબેન પ્રભુ સભર રહી, પુણ્યની કમાણી ભેગી કરી, આપણી વચ્ચેથી વિદાય લઈ ગુરુહરિ પપ્પાજી મહારાજના ચરણાર્વિંદમાં બિરાજી ગયા. એમની ખોટ આપણને સૌને લાગે છે અને લાગશે જ. એમને અંતરથી પ્રાર્થના કે આપ જ્યાં હો ત્યાંથી અમારા પર અમીદ્રષ્ટિ રાખજો. આશીર્વાદ અને પ્રેમ વરસાવ્યા જ કરજો એ હૃદયભાવની ભાવાંજલિ સ્વીકારશોજી.

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ લંડન સમાજના નિષ્ઠાવાન હરિભક્ત પૂ.શશીકાંતભાઈ મદાણી તા.૧૫.૩.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.શશીકાંતભાઈ પૂ.ઈન્દિરાબેન બાળકો સાથે ૧૯૮૬માં કાયમ માટે લંડન ગયા. શશીકાંતભાઈ



એકાઉન્ટન્ટની જોબે લાગ્યા ને ઈન્દિરાબેન સત્સંગી એવા કિશોરભાઈ જેઠવાની ફરસાણની દુકાને કામે લાગ્યા. એક દિવસ પ.પૂ.બેને તેમની દુકાને પધરામણી કરી. ઈન્દિરાબેનને ત્યાં કામ કરતા જોઈ સહજ બોલી ઉઠ્યા આ તો શેઠાણી છે. તેમને કંઠી પહેરાવી. ત્યારથી સત્સંગની શરૂઆત થઈ. સાથે પ.પૂ.બેનના આશીર્વાદે પ્રારબ્ધ બદલાયા. ને ૩ દિવસમાં જ ત્યાં કામમાંથી છૂટા થઈ સ્વતંત્ર પાણીપુરીનો ધંધો શરૂ કર્યો. તેમાં શશીકાંતભાઈ દુકાને દુકાને પાણીપુરી આપવા જતા. ખૂબ મહેનત કરી. એક વેરહાઉસ ખરીદી નાસ્તા બનાવવાનું શરૂ કર્યું. લંડનમાં ગુજરાતી નાસ્તા મોંઘા મળતા તે વખતે શશીકાંતભાઈએ દરેક નાસ્તાનું ૫૦૦ ગ્રામ ૧ પાઉન્ડે જ વેચવાનું શરૂ કર્યું ને તેમાં ખૂબ નામ કમાયા. સાથે સાથે પૂ.કિશોરભાઈના સંબંધે અવારનવાર જ્યોત સમૈયામાં દર્શન સેવા માટે આવતા. એક દિવસ સહજ સ્વભાવે શશીકાંતભાઈએ ગુરુહરિ પપ્પાજી મહારાજને વેરહાઉસમાં પધરામણી માટે આમંત્રિત કર્યા. તો પપ્પાજી ૪૦-૫૦ હરિભક્તો બહેનો ભાઈઓ સાથે વેરહાઉસ પધાર્યા. હરખભેર બધાં જ હરિભક્તોને આઈટમ બનાવી જમાડ્યા. છેલ્લે પપ્પાજી જ્યાં સેલ્ફ પર વેચાણ માટેના નાસ્તાના પેકેટ હતા ત્યાં ગયા ને જેને જેટલા પેકેટ જોઈતા હોય તેટલા નાસ્તાના પેકેટની લ્હાણી કરી. શશીકાંતભાઈ આનંદભેર આ પપ્પાજીની લીલા માણી સાથે નિર્દોષભાવ રાખ્યો ને ૧૯૮૯થી પપ્પાજી બેન પ્રત્યેની નિષ્ઠા દ્રઢ થઈ તે પછી પપ્પાજીએ ઘણી બધી આવી પરીક્ષા કરી. ને ઘણાં પ્રસંગોમાંથી પસાર કર્યા પણ તેમની નિષ્ઠા ડગી નહીં. પપ્પાજી પણ તેમને શ્રીજી મહારાજના સમયના પર્વતભાઈ હતા તે પર્વતભાઈના ઉપનામે સંબોધતા. પપ્પાજીની કૃપા અને બેનના આશીર્વાદે તેમણે બે રેસ્ટોરન્ટ કરી. ને શેઠ-શેઠાણીનું સુખ ભોગવ્યું સાથે ઉદાર દિલે જ્યોતનાં બહેનોની સેવા પણ કરી. એટલું જ નહીં તેમને તેમના દીકરા જીજ્ઞેશભાઈ, હિતેશભાઈ સાથે ભક્તિબેન ને તેમની દીકરીઓ સર્વને આ સત્સંગનો વારસો આપ્યો.

૪૦ વર્ષની ઉંમરે જ હૃદય ને વાલ્વની મોટી તકલીફ થઈ. જીવવાની આશા નહોતી પણ પપ્પાજી-બેનના આશીર્વાદે ૭૩ વર્ષ પૂરાં કર્યા. પ.પૂ.પપ્પાજી, પ.પૂ.બેન સ્વધામ પધાર્યા પછી પૂ.રમીબેનને બેન સ્વરૂપ માની બધી જ વાતની જાણ કરી કહે તેમ કરવાનો આગ્રહ રાખતા. સાથે દર એકાદશીએ અચૂક ફોન કરી જય સ્વામિનારાયણ કરતા.

છેલ્લા ૬ મહિનાથી તેમની તબિયત સારી રહેતી ન હતી. તેમની સાથે જ્યારે પણ ફોનથી વાત થાય ત્યારે ભગવાન સાથે આત્માનું જોડાણ ચાલુ હોય તેવાં દર્શન થયાં છે. ને અંતે અગિયારસના દિવસે છેલ્લે રમીબેનને જય સ્વામિનારાયણ કરી પોતાનો દેહ છોડ્યો. એવા એકાંતિક મુક્તરાજ શશીકાંતભાઈને કોટિ કોટિ વંદન. શશીકાંતભાઈ પોતાના આત્માનું ભાથુ ભેગું કરી પપ્પાજીના ચરણોમાં બિરાજી ગયા. તેમના સમગ્ર પરિવારને ખૂબ બળ મળે તેવી અંતરની પ્રાર્થના સાથે ભાવાંજલિ અર્પણ કરીએ છીએ.

★ Pujya Lalitaben Pattni, of Leicester passed to Akshardham on 17th March 2026.

Lalitaben had been in the satsang since 1980s, she was introduced to Param Pujya Ben and Guruhari Pappaji Maharaj by Niruben Chhatrisha. She had been ill for a short time, more recently her health deteriorated

and on 17th March she entered Akshardham peacefully, surrounded by close family members. Lalitaben was an extremely intelligent, smart, vivacious lady who ran her own printing press business in Leicester. Through her association with Pujya Dilipbhai & Arunaben, Lalitaben has performed the seva of printing all our samaiya invitations for more than twenty years. Lalitaben regulary attended every sabha. Her faith and steadfast devotion to Guruhari Pappaji Maharaj and P. P. Ben was remarkable. Always smiling, practicing samp, suridhbhav and ekta, she remained positive in all circumstances. Lalitaben was a pillar of strength & love for her three children, and grand children who will no doubt miss her presence tremendously. Without a doubt, she is now at peace at the lotus feet of Guruhari Pappaji Maharaj and Param Pujya Ben.



**★ વિદ્યાનગરના પૂ.રમાબેન રશ્મિકાંતભાઈ જોષી તા.૨૧.૩.૨૦૨૬ના અક્ષરનિવાસી થયાં છે.**

પૂ.રમાબેન ગોમતીપુર અમદાવાદમાં રહેતા. ગુરુહરિ પપ્પાજીની પ્રત્યક્ષની નિષ્ઠાવાળા પૂ.ઈંદુબેન અધ્વર્યુ ચૈતન્યમાધ્યમના જોગમાં આવ્યા. રમાબેનને ભગવાન ભજવા હતાં. પણ સંજોગોવસાત્ ગૃહસ્થાશ્રમ કર્યો. પ.પૂ.તારાબેન, પ.પૂ.માયાબેન, પૂ.હીરાબેન સ્વામિનારાયણને પોતાના ગુરુપદે સ્થાપ્યા. ઈ.સ.૧૯૭૭ થી એકધાર્યા સેવા, સમાગમ કરી પોતાનો ગૃહસ્થ આશ્રમ દીપાવ્યો. બાળકો પૂ.તેજસભાઈ ને કુટુંબીજનો ને પ્રત્યક્ષની નિષ્ઠા કરાવી સદાના સુખિયા કર્યા. એવા રમાબેનને અંજલિ અર્પણ કરીએ છીએ. તેમના કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી પ્રાર્થના.



## હાર્દિક નિમંત્રણ

★ ગુરુહરિ પપ્પાજી મહારાજના પૂર્ણ અક્ષરસ્વરૂપે વિચરીને સંકલ્પ, પ્રાર્થનાથી સૌને આધ્યાત્મિક સનાતન સુખ અર્પી રહ્યાં છે. એવાં

**ગુણાતીત સ્વરૂપ પ.પૂ.દીદીના**
**સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી**
**તા.૩૦.૫.૨૦૨૬, શનિવાર**
**સાંજે ૪:૩૦ થી ૭:૦૦ કરીશું.**

★ સંકલ્પ, ભજનથી આ ધરા પર મહામાનવનો સમાજ સર્જ્યો એવા પરબ્રહ્મતત્ત્વના અખંડ ધારક, આપણા સૌનાય પ્રાણાધાર

**ગુરુહરિ પપ્પાજી મહારાજના**
**સાક્ષાત્કારદિનની ઉજવણી**
**તા.૩૧.૫.૨૦૨૬, રવિવાર**
**સવારે ૯:૪૫ થી ૧૨:૩૦ કરીશું.**

આ બંને ઉત્સવ ભાઈઓ, બહેનોની સંયુક્ત સભામાં ભેળા મળીને ઉજવીશું. તેમાં સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત, વિદ્યાનગર
લાઈવ દર્શન : www.gunatitjyot.org

**મહાપ્રસાદ બાદ વિસર્જન**

## તા.૨૬.૩.૨૦૨૬ : શ્રી હરિ જયંતીની સભા...










To,


RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120



૪-૯-૯૦

ગુણાતીત સમાજની જય
કોઈનાય સ્વભાવ ને પ્રકૃતિ
જોઈ વર્તવા કરતાં–
સંબંધ જોઈ
સેવા કરી લઈએ.
પ્રભુનો જે સંબંધ તેનામાં
રહ્યો છે તે જોયા કરીએ ને
બધે થી ગુણગ્રાહી દૃષ્ટિ જ
રાખીએ.



જે પળે જે બને તે કરે તું પ્રભુ
મહિમા એવો અખંડ દેને
ઓ વ્હાલા વિભુ ! (૨)
તે સમે તે ગમે, કહું તને હું પ્રભુ ! (૨)
મહિમા એવો...
સહુએ નિર્દોષ છે, તારો પ્રવેશ છે
તુજ વિણ કોઈ નથી, ભક્ત તારો વેશ છે (૨)
આઘુંપાછું ન જોઉં, ન કરું હું પ્રભુ ! (૨)
મહિમા એવો...
હરતાં ફરતા કામકાજ કરતાં
રટણા એ જ છે, તું જ કર્તાહર્તા (૨)
હૈયે તું, હોઠે તું, સામે તું જ પ્રભુ ! (૨)
મહિમા એવો...



Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India